શહેર-જિલ્લામાં કોરોનાના કેસમાં સતત વધારો

શહેરમાં આજે વધુ બે કેસ નોંધાયા : 3 દિવસમાં કોરોનાના ૧૧ કેસ નોંધાતા તંત્ર ચિંતાતુર : ગ્રામ્ય વિસ્તારમાં ત્રીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલ અડાલજમાંથી બે કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. શહેરમાં વધુ બે કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ બે કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા કેસોને પગલે તંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે જે રીતે કેસો નોંધાયા તેને ચોથી લ્હેરની આગાજ સમજવી કે કેમ ? તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. જોકે શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર કરી રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની ગતિ વધી છે અને ૩ જ દિવસમાં ૧૧ કેસ નોંધાયા છે તેથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. સંક્રમણ ઘટતા લોકો જે બેફિકરા બન્યા છે અને જાહેર સ્થાનો પર પણ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતુ ન હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના અડાલજમાં બે કેસ નોંધાયા છે. અડાલજ એ ત્રીજી લ્હેર અને બીજી લ્હેરમાં પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યુ હતુ. જે છુટા છવાયા કેસો તાલુકામાં નોંધાયા તેમાં પણ અડાલજમાં કેસો વધુ નોંધાયા હોવાનું તંત્રના સૂત્રો સ્વીકારી રહ્યા છે.

આજે એક ૩૮ વર્ષીય પુરૂષ અને ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ આ બન્ને દર્દીની આસપાસના ૧૧૧ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરી દીધા છે.

તંત્રએ સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગની કામગીરીને પણ અગ્રતા આપવાની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બે કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૩ થઈ છે. આજે નોંધાયેલા આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં ત્રીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા સરગાસણ અને કુડાસણમાંથી આજે કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. બન્ને મહિલા દર્દી છે.

મળતી વિગતો પ્રમાણે કોરોનાના હળવા લક્ષણો હોવાથી તેમનો હોમ આઈસોલેશનનો વિકલ્પ ગ્રાહ્ય રાખવામાં આવ્યો છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કુડાસણમાં મળેલ દર્દી એ નીફ્ટની વિદ્યાર્થીની છે. જ્યારે સરગાસણમાંથી મળેલ દર્દી એ ફોરેન્સીક સાયન્સ યુનિ.માં નોકરી કરતા અધિકારી છે. શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં આ વખતે કોરોનાએ જે પગપેસારો કર્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સાથે સઘન સર્વેલન્સની તાકીદ કરી છે.

કુદરતની કરામત : માણસનું મગજ જ્યાં બંધ થાય ત્યાં કુદરતની કરામત શરૂ થાય છે... એક જ વેલમાં, એક જ પાન પર અડધું પાન સફેદ અને અડધું લીલુછમ.... કેવી અદ્દભૂત કરામત... કુદરત સામે હંમેશા લાચાર બનીને ઉભો રહેતો માનવી અસંખ્ય મથામણોના અંતે પણ હજુ પણ માથુ ખંજવાળે છે... આમા કયું વિજ્ઞાન, કયું રસાયણ, કયું વનસ્પતિ શાસ્ત્ર.... સંશોધનકારોની પણ મર્યાદા આવે એવી કુદરતની લીલા માત્ર માણવાની જ હોય છે... એનો વિવાદ નહિ, આનો વિસ્તાર નહિ... માત્ર ને માત્ર સંવેદનશીલતાનો સ્પર્શ એ જ પ્રકૃતિના વૈભવને માણવાનો એકમાત્ર માર્ગ છે...

ગાંધીનગરમાં ગરમીનો પારો થોડો ઠંડો પડયો : મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી પહોંચ્યું

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં લાંબા સમયના અંતે ગરમી પ્રકોપથી નગરજનોએ થોડી રાહત અનુભવી છે આજે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨.૫ ડીગ્રી નીચે ઉતરતા શહેરીજનોએ થોડો હાંશકારો અનુભવ્યો હતો. સવારના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધતા દિવસ દરમિયાન નગરજનોએ બફારો અનુભવ્યો હતો. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૬ ડીગ્રી વચ્ચે ચઢ ઉતર થતુ હતુ. મેં મહીનાની શરૂઆતથી ગરમીનો મિજાજ આક્રમક રહ્યો હતો જયારે આજે ૧૫ દિવસના અંતે નગરજનોએ હીટવેવમાં થોડી રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહેતા નગરજનો આકરા હીટવેવથી ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા કેટલાક સમયથી ગરમીનો મિજાજ અત્યંત ઉગ્ર રહેતા આકરી ગરમીથી બચવા નગરજનો ઘરમાં રહેવા મજબુર બન્યા છે. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૬ ડીગ્રી વચ્ચે ચઢઉતર થઈ રહ્યુ હતુ જેના લીધે બળબળતી બપોરે સનસ્ટ્રોકના દર્દીઓ પણ વધી રહ્યા છે. આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત છે. જયારે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. જયારે આજે લાંબા સમયના અંતે ગરમીનો પારો નીચે ઉતરતા નગરજનોએ થોડો હાંશકારો અનુભવ્યો હતો. આજે મહત્તમ તાપમાનમાં ૨.૫ ડીગ્રીનો ઘટાડો થયો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમી ઘટી હતી મહત્તમ તાપમાન ૪૦.૩ ડીગ્રી નોંધાયુ હતુ. અલબત્ત છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો મિજાજ અત્યંત ઉગ્ર રહ્યો હતો ગરમી પણ ૪૩ થી ૪૪ ડીગ્રી આસપાસ રહેતા દિવસે અંગ દઝાડતી ગરમીથી સૌ કોઈ બેબાકળા બની ગયા હતા. ઘણાં સમય બાદ ગરમીનુ જોર ઘટતા શહેરીજનોએ પણ નિરાંત અનુભવી હતી. ગરમીનુ પ્રમાણ ઘટવાની સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઉંચકાયુ છે. છેલ્લા બે દિવસથી સવારે ભેજના પ્રમાણમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો જોવા મળે છે. જો કે લઘુત્તમ તાપમાનમાં કોઈ વિશેષ ફેરફાર જોવા મળ્યો નથી. આજે રાત્રિનુ તાપમાન ૨૭ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૩ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. મેં મહીનાથી આગ ઓકતી ગરમીએ જોર પકડતા જનજીવન મુર્ઝાઈ ગયુ છે. જયારે સતત ગરમી પ્રકોપના લીધે નગરજનો તોબા પોકારી ગયા છે. જયારે હવે ગરમીનુ જોર ધીમે ધીમે ઘટતા શહેરીજનો ગરમીનો કહેર ઓછો થશે તેવી આશ સેવી રહ્યા છે. જો કે ગરમી ઓછી થતા આકરા તાપમાં રાહત અનુભવતા નગરજનો દિવસ દરમિયાન બફારો વેઠી રહ્યા છે. જેના લીધે પરસેવે નીતરતી ગરમી પણ નગરજનો માટે અકળામણરૂપ બની છે. આ વર્ષે ગત માર્ચ મહીનાથી ગરમીનો મિજાજ ઉગ્ર છે. જયારે ઉનાળાની મોસમની શરૂઆતથી જ ગરમીનો પારો ૪૦ ડીગ્રી ઉપર ચઢી ગયો હતો જયારે

ગઇકાલની સાપેક્ષમાં ૨.૫ ડીગ્રી ગરમી ઘટી જયારે વાતાવરણમાં સવારે ભેજનુ પ્રમાણ પણ વધ્યુ : દિવસે આકરા તાપમાં રાહત પણ ઉકળાટ અનુભવતા નગરજનોમાં બેચેની

● અનુસંધાન પાન-૭ પર

હજુ ૨૦-૨૧મીએ ગરમીનો પારો પુનઃ ૪૫ ડિગ્રીએ પહોંચશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં ૨૦-૨૧ મેના રોજ પુનઃ ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચવાનું હવામાન પૂર્વાનુમાન છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન કૃષિ સલાહ બુલેટીનના અંક ન.૧૪માં આ સંભાવના વ્યકત કરવામાં આવી છે.

બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧૮ થી ૨૨મે દરમિયાન આકાશ ચોખ્ખું રહેશે. વરસાદ પડવાની શકયતા નથી. મહત્તમ તાપમાન ૪૨થી ૪૫ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૨થી ૬૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૫-૨૬ કિમી પ્રતિ કલાક રહેવાની શકયતા છે.

આગામી ૨૦-૨૧મીમેના રોજ જિલ્લામાં છુટા છવાયા સ્થાનો પર તીવ્ર ગરમીનું મોજું પ્રવર્તવાની શકયતા છે.

જુના સચિવાલયમાં ૧.૫૦ કરોડના ખર્ચે નવી ૫ લીફટ નાંખવામાં આવશે

અગાઉ પણ સચિવાલયના વિવિધ બ્લોકને અનુલક્ષી ૬ લીફટ મુકવામાં આવી હતી જયારે નવી લીફટ મુકવામાં આવતા બે બ્લોક વચ્ચે જોડાણ થઇ જશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના જુના સચિવાલયમાં નવી ૫ લીફટ નાંખવામાં આવશે. જુના સચિવાલયમાં વર્ષોના અંતે વિવિધ બ્લોકમાં લીફટની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. જયારે આ અન્વયે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. અગાઉ પણ જુના સચિવાલયમાં ૬ લીફટ મુકવાનુ કામ હાથ ધરાયુ હતુ. જુના સચિવાલયમાં બે બ્લોક વચ્ચે કોમન પેસેજમાં લીફટ મુકવામાં આવે છે જેથી બન્ને બ્લોકના કર્મચારીઓ કે મુલાકાતીઓ તેનો ઉપયોગ કરી શકે. નવી ૫ લીફટ મુકવા માટે અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં જુના અને નવા સચિવાલય ઉપરાંત અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જયારે સમગ્ર રાજયની વહીવટી પ્રક્રીયાના કાર્યભારથી ધમધમતા જુના સચિવાલયમાં પણ અનેકવિધ વિભાગોની કચેરી છે જેના લીધે જુના સચિવલાય સંકુલમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ રહે છે. રોજબરોજ સેંકડો મુલાકાતીઓ સચિવાલય સંકુલની મુલાકાત લે છે. જો કે દાયકાઓ પુર્વે નિર્માણ થયેલા જુના સચિવાલયના વિવિધ બ્લોકમાં હજુ જરૂરી સુવિધાનો અભાવ વર્તાય છે. જેના લીધે મુલાકાતીઓએ પણ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. જો કે તબક્કાવાર વિવિધ બ્લોકને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જુના સચિવાલયના વિવિધ બ્લોકમાં અગાઉ એક પણ લીફટ ન હતી જયારે સચિવાલય સંકુલમાં ગત દિવસોમાં તંત્ર દ્વારા ૬ લીફટ નાંખવા માટેનુ કામ હાથ ધરાયુ હતુ જયારે બીજા તબકકામાં હજુ નવી ૫ લીફટ નાંખવા માટે પણ આયોજન કરાયુ છે. પાટનગર યોજના વિભાગના ઈલેકટ્રીક ડીવીઝન દ્વારા લીફટ નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જયારે લીફટ નાંખવાની કામગીરી પુર્વે પેનલ સીફટીંગનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. નવી લીફટ નાંખવા માટે અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરવામાં આવી છે.

ટુંકમાં નવી લીફટ નાંખવા માટે કામ પણ શરૂ કરી દેવાશે. લીફટની કામગીરીના અંતે બે બ્લોક વચ્ચેનુ જોડાણ થઈ જશે જયારે જુના સચિવાલયમાં આવતા શારિરીક અશકત અને સિનિયર સિટીઝન્સ સહીતના મુલાકાતીઓને પણ લીફટની સેવા મળી રહેતા રાહત થશે. શહેરમાં દાયકાઓ પુર્વે જુના સચિવાલયના બ્લોકનુ નિર્માણ કરાયુ હતુ જયારે વર્ષોના અંતે વિવિધ બ્લોકમાં લીફટની સુવિધા ઉભી કરવા માટે કામ હાથ ધરાયુ છે. જુના સચિવાલયમાં વિવિધ બ્લોકમાં સ્થિત જુદી જુદી કચેરીઓનુ પણ રીનોવેશન કરવામાં આવે છે. જયારે નવા બ્લોક બાંધવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.

ચિલોડામાં ૨૪ મીટરનો માર્ગ ખુલ્લો કરવા ગુડા દ્વારા પાકા બાંધકામને દુર કરવા નોટીસ ફટકારાઈ

મોટી શિહોલી ગામથી નેશનલ હાઇવે નં -૮ને જોડતા ૨૪ મીટર પહોળાઇ ધરાવતા માર્ગને ખોલવાની પ્રક્રીયા હાથ ધરાઇ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટાઉનીંગ પ્લાનીંગ સ્કીમમાં રસ્તાઓ ખોલવામાં આવી રહ્યા છે. જે અન્વયે શિહોલી મોટીથી નેશનલ હાઈવેને જોડતો ૨૪ મીટરનો માર્ગ ખુલ્લો કરવામાં આવી રહ્યો છે. ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૮ને જોડતા ૨૪ મીટર પહોળાઈ ધરાવતા આ માર્ગને ખોલવાની કામગીર શરૂ કરી દેવામાં આવી છે. જેના લીધે હવે આ વિસ્તારમાં એક નવો માર્ગ મળશે. માર્ગ ખુલ્લા કરવાની ઝુંબેશ અન્વયે દબાણો દુર કરવા માટે પણ નોટીસ આપવામાં આવી રહી છે.

ગુડા વિસ્તારમાં વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગુડા દ્વારા વિવિધ ઠેકાણે માર્ગો ખુલ્લા કરવા માટે હાથ ધરાયેલા અભિયાન દરમિયાન સ્થાનિકો તેમજ ખેડુતોનો પણ સહકાર લેવામાં આવી રહ્યો છે. જયારે રસ્તા ખુલ્લા કરવાની આ કામગીરી દરમિયાન રૂટમાં આવતા દબાણો સહીતનો અવરોધ પણ દુર કરવામાં આવી રહ્યા છે. અગાઉ પણ ગુડા દ્વારા ટી પી સ્કીમમાં નવા રસ્તાઓ મળે તે માટે વિવિધ ઠેકાણે માર્ગો ખુલ્લા કરવા માટે બુલડોઝર દોડવાયુ હતુ. ગુડા વિસ્તારમાં એકબાજુ માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે રસ્તા ખુલ્લા કરવાની કામગીરીની સાથે નવા ડામર માર્ગોનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગુડાએ મંગળવારે ચિલોડામાં રસ્તા ખોલવા માટે નડતર બનતા રહેણાંક હેતુના બાંધકામને દુર કરવા નોટીસ આપવામાં આવી હતી. શિહોલી મોટીથી નેશનલ હાઈવેને જોડતો ૨૪ મીટર પહોળાઈનો રસ્તો ખોલવાનુ કામ શરૂ કરી દેવાયુ છે.

જયારે આજે પણ આ માર્ગ ખુલ્લો કરવા તંત્રની ટીમ કામે લાગી હતી. આ કામગીરી દરમિયાન ૩૧૦ મીટર જેટલી લંબાઈમાં બુલડોઝર ફેરવીને રોડ નિયત કરાયો હતો. જયારે નેશનલ હાઈવે સાથે જોડાણ કરવાના માર્ગ પર પાકુ બાંધકામ થયુ છે.આ બાંધકામ દુર કરવા માટે પણ ગુડા દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જેના અંતે આગામી દિવસોમાં આ વિસ્તારમાં એક મહત્વનો માર્ગનુ નિર્માણ થશે. વાહન પરિવહનમાં પણ નાગરિકોને સરળતા રહેશે જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ રોડ નેટવર્ક વધુ યોગ્ય બનશે.

શહેરમાં રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ની નવી ચલણી નોટોની અછત સર્જાઈ

લગ્નસરાંની પુરબહારમાં ખીલેલી સીઝનમાં નાના ચલણની નવી નોટો ના મળતાં લગ્નોના આયોજકો પરેશાન

ગાંધીનગર, તા.૧૭

વૈશાખમાં લગ્નગાળાની સીઝનના સમયે જ નાગરિકોને રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ની નવી ચલણી નોટોના બંડલ માટે રઝળપાટ કરવાનો સમય આવ્યો છે. રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ નવી નોટોના બંડલોની સર્જાયેલી અછતને કારણે જેના ઘરમાં લગ્ન પ્રસંગ છે તમને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લાં ઘણા સમયથી શહેરમાં કેટલીક રાષ્ટ્રીય અને ખાનગી બેંકોમાં રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ની નવી ચલણી નોટો આવતી ન હોવાની વ્યાપક પ્રમાણમાં ફરિયાદો ઉઠી રહી છે.

છેલ્લાં લગભગ બે સપ્તાહથી શહેરમાં રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ની ગ્રાહકો નવી કડકડતી ચલણી નોટો લેવા જે તે સ્થાનિક બેંકોમાં જાય છે ત્યારે બેંકો ગ્રાહકોને આ નોટોના નવા બંડલો સ્ટોકમાં નહીં હોવાનું જણાવીને રવાના કરે છે. જો કોઈ ગ્રાહક વધારે જીદ કરે તો તેમને રૂપિયા ૧૦૦ની નવી નોટોના બંડલો આપવાની વાત કરે છે. રૂપિયા દસ, વીસની નવી નોટોના બંડલ માંગનારા ખાતેદારો કે વેપારી વર્ગને રૂપિયા ૧૦૦નું બંડલ તથા વીસ રૂપિયાના ચલણી સિક્કા પરાણે આપવામાં આવે છે. અત્યારે શહેરમાં લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી છે તેવા સમયે પણ શહેરીજનોને અને પોતાના નાના મોટા વહેવાર સાચવવા માટે રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ની નવી નોટોના બંડલોની ખાસ જરૂર પડી રહી છે કેમ કે શુભ પ્રસંગોએ વહેવારમાં આપવા માટે હંમેશા નવી નોટો આપવાનો રિવાજ જોવા મળે છે. શહેરમાં વૈશાખ માસના લગ્નસરાની સિઝનમાં અસંખ્ય લગ્ન સમારંભોના આયોજન જોવા મળી રહ્યાં છે અને આ લગ્નના આયોજકો જ્યારે રૂપિયા ૧૦,૨૦ અને ૫૦ની નવી નોટોના બંડલો લેવાં પોતાની બેંકમાં જાય છે ત્યારે તેમને ધરમધક્કા પડી રહ્યાં છે.

શહેરના ખ-૭ સર્કલ નજીક મુખ્ય માર્ગ પર જ એક મોટો ભુવો પડેલો જોવા મળી રહ્યો છે જે આ વિસ્તારના રાહદારીઓ તેમજ વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ સર્જી શકે છે. આ ભુવાનું સમારકામ સત્વરે કરીને તેને પુરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી રહી છે.

ફિક્સ પગારમાં નિમણૂંક પામેલા શિક્ષકોને બઢતી સહિતના લાભો

શિક્ષકોના વિવિધ પ્રશ્નો અંગે નિર્ણય : સળંગ નોકરી, HMATની ભરતી, ATCનો લાભ, શરતી બઢતીની પણ રાજ્ય સરકાર દ્વારા જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા.૧૭

રાજયના વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળે તે માટે શિક્ષણના તથા શિક્ષકોની સેવાઓના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે મહત્વના નિર્ણયો કર્યા છે. જેમાં ફિક્સ પગારમાં નિમણૂંક પામેલ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોની પાંચ વર્ષની સેવાઓ સળંગ ગણવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.રાજયના આચાર્ય સંઘ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, ઉચ્ચતર માધ્યમિક શૈક્ષિક સંઘ અને સંચાલક મંડળ સહિતના વિવિધ શિક્ષણ સંઘો દ્વારા તેમના નોકરી સળંગ ગણવા સહિતના વિવિધ પડતર પ્રશ્નો અંગે રજૂઆતો કરવામાં આવી હતી. જેને અનુસંધાને સંઘના સભ્યો તથા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ સંઘના વર્ષોથી પડતર એવા મોટા ભાગના તમામ પ્રશ્નો નિકાલ લાવવાનો શિક્ષક અને વિદ્યાર્થીના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ આ સંદર્ભે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીના વર્ષોથી પડતર એવા મોટા ભાગના પ્રશ્નોનું નિરાકરણ આજે લાવવામાં આવ્યું છે. જેમાં ફિક્સ પગારમાં નિમણૂક પામેલા ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો/કર્મચારીઓની પાંચ વર્ષની નોકરીની સેવાઓ સળંગ ગણવા સહિત બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ તેમજ અન્ય લાભો આપવાનો અત્યંત મહત્વનો નિર્ણય લેવાયો છે. ૨ જુલાઈ ૧૯૯૯થી સેવામાં જોડાયેલા અને આજદિન સુધી નિમણૂક પામેલા તમામ શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો, સાથી સહાયકો મળી આશરે ૩૯,૦૦૦ જેટલા કર્મચારીઓને તેનો લાભ મળશે.

વાઘાણીએ ઉમેર્યું કે, વિદ્યાર્થીઓના પરિણામ અને શિક્ષણ સુધરે તે માટે વધુ કે નિર્ણય લેવાયો છે. જેમાં પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિની જૂની પદ્ધતિ પ્રમાણે એક વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦ દંડ કપાતો હતો જે હવે રૂ.૩૦૦ દંડ લેવાની જોગવાઈ કરવામાં આવી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com